પાણિની મુનીએ આખી ભાષા અને એનું માળખું, પોતાના મનમાં જોયું અને એમને એમાં કોઈક પ્રકારની વ્યવસ્થા દેખાઇ જેને એમણે સૂત્રાત્મક રૂપે 4000 સૂત્રોમાં મૂક્યું છે સૂત્ર એટલે વાતને ટૂંકમાં કહેવી અને છતાં અર્થ સ્પષ્ટ હોય., જોકે સૂત્રને સમજવા સરળ નથી અને છતાં અઘરા પણ નથી. જેવી રીતે વેદાંત શાસ્ત્રમાં જે બ્રહ્મસૂત્ર ગ્રંથ છે એ વેદનો જે કંઈ સંદેશ છે એને સૂત્રના રૂપમાં દર્શાવે છે. પરંતુ એને સમજવા માટે આપણને ભાષ્યની સહાય લઈએ છીએ, એટલું જ નહીં એના ઉપર લખાયેલ ટીકા ટિપ્પણી વગેરેની પણ સહાય લઈએ છીએ

પાણીની મુનિએ 4000 સૂત્રો દ્વારા આખી ભાષા એવી રીતે રજૂ કરી કે જેથી આપણે ભાષાને સમજવા માટે કોઈ વિશેષ ભાર અનુભવવાની આવશ્યકતા ના રહે. આ સૂત્રો પર મહર્ષિ પતંજલિએ ભાષ્યની રચના કરી છે જેને મહાભાષ્ય તરીકે ઓળખવામાં આવે છે. થોડા સમય પછી ભટ્ટોજી દીક્ષિત નામની વ્યક્તિએ આ બધા જ સૂત્રોને એક જુદી રીતે જ રજૂ કર્યા કે જેથી વધારે સરળતાથી સમજી શકાય અને એમણે જુદા જુદા ટોપીક ને આધારે આ સૂત્રોને રજૂ કર્યા અને આ ગ્રંથને નામ આપવામાં આવ્યું સિદ્ધાંત કૌમુદી.

આને પણ હજુ વધારે સરળ બનાવવા માટે લઘુ સિદ્ધાંત કૌમુદી એવો 1200 સૂત્રોનો ગ્રંથ રજૂ કરવામાં આવ્યો.અને વચમાં મધ્યમ સિદ્ધાંત કૌમુદી જે 2500 સૂત્ર સાથે નો ગ્રંથ છે એ પણ અસ્તિત્વમાં આવ્યો. આ બધા જ ગ્રંથો ની રચના પાછળનો હેતુ એને સરળ બનાવવાનો હોવા છતાં પણ એ બધામાં કોઈકને કોઈક ખામી તો રહી જ ગઈ છે.

પાણીની મુનિએ આ 4000 સુત્રો આઠ અધ્યાય માં વહેંચી દીધા છે જેથી કરીને એ અષ્ટાધ્યાયી નામે પ્રસિદ્ધ થયેલી છે તેમજ સૂત્રપાઠ તરીકે પણ ઓળખાય છે.